# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 17-05-2024 Midday : 1.20 to 1.30
Day : Friday National News

### આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

************************************************

- લોકસભા ચૂંટણીના અંતિમ અને સાતમા તબક્કા માટે આજે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનો અંતિમ દિવસ, સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની 57 બેઠકો માટે પહેલી જૂને મતદાન
- લોકસભા ચૂંટણી માટે પ્રચાર કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ સામે પ્રહાર કર્યા.... કેન્દ્રીય મંત્રી અમિત શાહ અમેઠીમાં અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે મુંબઈમાં કરશે પ્રચાર
- રાજ્યસભા સાંસદ સ્વાતી માલિવાલ સાથે દુર્વ્યવહારના કેસમાં પોલીસ ફરિયાદ દાખલ...ભાજપે કહ્યું અરવિંદ કેજરીવાલે માફી માગવી જોઈએ
- ગુજરાત સહિત દેશના કેટલાંક ભાગોમાં હીટવેવ યથાવત... દક્ષિણ પૂર્વના કેટલાંક ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ પડવાની હવામાન વિભાગની અગાહી...
- અને IPL ક્રિકેટમાં આજે મુંબઈ ઇન્ડિયન્સ અને લખનઉ સુપર જાયન્ટ્સ વચ્ચે, મુબંઈના વાનખેડે સ્ટેડિયમમાં મેચ

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**SEVENTH PHASE**

લોકસભા ચૂંટણીના અંતિમ અને સાતમા તબક્કા માટે આજે ઉમેદવારીપત્રો પરત ખેંચવાનો અંતિમ દિવસ છે. સાતમા તબક્કામાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 57 બેઠકો માટે પહેલી જૂનના રોજ મતદાન થવાનું છે. જેમાં ઉત્તર પ્રદેશ અને પંજાબની 13, પશ્ચિમ બંગાળની 9, બિહારની 8, ઓડિશાની 6, હિમાચલ પ્રદેશની 4, ઝારખંડની 3 અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢની એક બેઠક પર મતદાન થશે.

## CAMPAIGN TODAY _ NOON

લોકસભા ચૂંટણીના પાંચમા અને છઠ્ઠા તબક્કા માટે પ્રચાર અભિયાન તેજ બન્યું છે. વિવિધ પક્ષોના સ્ટાર પ્રચારકો મતદારોને રિઝવવા પ્રયાસ કરી રહ્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉત્તર પ્રદેશ મુલાકાતનો આજે બીજો દિવસ છે. શ્રી મોદીએ બારાબંકીમાં ચૂંટણી સભાને સંબોધતા કહ્યું કે... અયોધ્યાવાસીઓના 500 વર્ષનો ઇંતજાર પૂર્ણ થયો અને રામલલા મંદિરમાં વિરાજમાન થયા. વધુમાં તેમણે કહ્યું કે ઇન્ડિ ગઠબંધન દેશમાં અરાજકતા ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. બારાબંકી બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફતેપુરમાં ચૂંટણી સભા સંબોધી હતી. અને ત્યાર બાદ તેઓ હમીરપુરમાં પ્રચાર કરશે.

શ્રી મોદી આજે સાંજે મુબંઈના શિવાજી પાર્કમાં વિશાળ જનમેદનીને સંબોધન કરશે.

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે મુંબઈમાં એક જાહેર સભામાં ભાગ લેશે. આ પ્રસંગે તેમની સાથે ઇન્ડિ ગઠબંધનના અન્ય નેતાઓ પણ હાજર રહેશે.

કેન્દ્રીય મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહ આજે ઉત્તર પ્રદેશના અમેઠીમાં અને ઝારખંડમાં ચૂંટણી પ્રચાર કરશે.

શ્રી શાહ સાંજે રાંચી લોકસભા મત વિસ્તારમાં તેઓ રોડ શો કરશે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આજે પંજાબમાં ચૂંટણી પ્રચારનો પ્રરંભ કરી રહ્યા છે.

## SWATI MALIWAL

દિલ્હી મહિલા પંચના પૂર્વ અધ્યક્ષ અને આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સ્વાતી માલિવાલ સાથે કથિત દુર્વ્યવહાર મામલે પોલીસ ફરિયાદ થઈ છે. જે બાદ દિલ્હી પોલીસ આરોપી બિભવ કુમારને શોધી રહી છે.

દરમિયાન રાષ્ટ્રીય મહિલા પંચના અધ્યક્ષ રેખા શર્માએ આ મામલે પત્રકારોને સંબોધતા ઘટનાને વખોડી કાઢી હતી. રેખા શર્માએ કહ્યું કે રાષ્ટ્રીય મહિલા પંચે આ મામલે આરોપી બિભવ કુમારને સમન્સ પાઠવ્યા છે, અને આવતીકાલે આ મામલે પંચ સમક્ષ જવાબ રજૂ કરવા કહ્યું છે.

આ પૂર્વે સ્વાતી માલિવાલે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે, તેમણે ઘટના વિશે પોલીસને નિવેદન આપી દીધું છે. તેમણે આશા વ્યક્ત કરી કે યોગ્ય પગલાં લાવશે. ઉલ્લેખનીય છે કે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના મુખ્ય સચિવ બિભવ સામે આ મહિનાની 13 તારીખે મુખ્યમંત્રી નિવાસ સ્થાને સ્વાતી માલિવાલ સાથે દુરવ્યવ્હાર કર્યાનો આરોપ છે.

## BJP MALIWAL

આ તરફ ભાજપે સ્વાતી માલિવાલ સાથે દુર્વ્યવહાર મામલે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે પ્રહાર કર્યા હતા. નવી દિલ્હીમાં ભાજપ કાર્યાલય ખાતે પત્રકારોને સંબોધતા કેન્દ્રીય મંત્રી નિર્મલા સિતારમણે અરવિંદ કેજરીવાલના મૌન સામે સવાલ ઉઠાવ્યા. શ્રી સીતારમણે કહ્યું કે સ્વાતી માલિવાલ દિલ્હી મહિલા પંચના અધ્યક્ષ રહી ચૂક્યા છે, તેઓ રાજ્યસભાના સાંસદ છે અને તેમની સાથે મુખ્યમંત્રીના ઘરમાં દુરવ્યવહાર થયો છે, આ દુર્ભાગ્યપૂર્ણ છે. તેમણે કહ્યું કે અરવિંદ કેજરીવાલે આ મામલે માફી માગવી જોઈએ.

# PM INTERVEW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ચૂંટણી પંચ દુનિયાનું એક અનોખી સંસ્થા છે. દિલ્હીમાં એક મીડિયા હાઉસને આપેલા ઇન્ટરવ્યૂમાં શ્રી મોદીએ એ વાત પર ભાર મૂક્યો કે વિશ્વ સમક્ષ અનુકરણીય કામ પ્રદર્શિત કરવું એ તેમની સરકારની જવાબદારી છે. તેમણે કહ્યું કે લોકતંત્રમાં ચૂંટણીને માત્ર હાર-જીતમાં વ્યાખ્યાયિત ન કરવી જોઈએ.

ચૂંટણી કોઈ પણ પાર્ટીના સંદેશને કોઈ જ બદલાવ કે ભ્રમ વિના લોકો સુધી પહોંચાડવાની તક આપે છે. ઇન્ટરવ્યૂંમાં તેમણે કૉંગ્રેસ સામે નિશાન સાધતા કહ્યું કે કેટલાક પક્ષો માટે  લોકતંત્રનો અર્થ સત્તામાં ટકી રહેવું છે. તેમણે આરોપ મૂક્યો કે કૉંગ્રેસ પક્ષના સભ્યો ગાંધી પરિવારના વારસાના બોઝ નીચે દબાયેલા છે.

# INDIAN ECONOMY

સંયુક્ત રાષ્ટ્રએ (UN) વર્ષ 2024માં ભારતના આર્થિક વિકાસ દરના અંદાજને વધારીને 6.9 ટકા કર્યો છે. જાન્યુઆરીની શરૂઆતમાં, સંયુક્ત રાષ્ટ્રએ 2024 માટે દેશનો કુલ ઘરેલું ઉત્પાદન દર (GDP) 6.2 ટકા રહેવાનો અંદાજ મૂક્યો હતો.

ગુરુવારે જાહેર થયેલા અહેવાલમાં ભારતીય અર્થવ્યવસ્થાના વિકાસ દરના અનુમાનમાં સુધારો કર્યો છે અને વર્ષ 2024માં લગભગ 7 ટકાના દરે વૃદ્ધિ થવાનો અંદાજ લગાવ્યો છે. સંયુક્ત રાષ્ટ્રએ કહ્યું છે કે, મજબૂત જાહેર રોકાણ અને લવચીક ખાનગી વપરાશને કારણે ભારતીય અર્થવ્યવસ્થા મજબૂત રહેશે.

ઉલ્લેખનીય છે કે આ સપ્તાહે મૂડીઝે ચાલુ નાણાકીય વર્ષ માટે દેશના આર્થિક વિકાસ દરને સુધારીને 6.6 ટકા કર્યો છે અને છેલ્લા નાણાકીય વર્ષ માટે વાસ્તવિક જીડીપી અંદાજ 8 ટકા કર્યો છે

# CHARDHAM YATRA

ઉત્તરાખંડ સરકારે ચારધામ યાત્રામાં વીઆઈપી દર્શન પર 31 મે સુધી રોક લગાવી દીધી છે. યાત્રા સુચારુ રૂપથી થઈ શકે એ માટે રાજ્ય સરકારે આ નિર્ણય લીધો છે. આ પૂર્વે સરકારે નોંધણી કર્યા વિના ચારધામની યાત્રા નહીં કરી શકાય તેવા નિર્દેશ જાહેર કર્યા હતા. શ્રદ્ધાળુઓની નોંધણી માટે ચોક્કસ સ્થળોએ કેન્દ્રો ઉભા કરાયા છે. નોંધણી વિના શ્રદ્ધાળુઓ યાત્રા નહીં કરી શકે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ચારધામની યાત્રાએ પહોંચ્યા છે. આ પૈકી માહિતી ન હોવાથી ઘણા ભાવિકો નોંધણી કર્યા વિના જ યાત્રાએ પહોંચ્યા હતા.

## **IMD-WEATHER**_Update

ગુજરાત સહિત દેશના અનેક ભાગોમાં ફરી ગરમી વધી શકે છે. હવામાન વિભાગ અનુસાર ગુજરાત, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, દિલ્હી, બિહાર, ઝારખંડ, છત્તીસગઢના મોટાભાગના વિસ્તારોમાં હવામાન શુષ્ક રહેશે, અને તાપમાનમાં વધારો થઈ શકે છે. જોકે આગામી 24 કલાકમાં તેલંગાણા, તટીય કર્ણાટક, આંતરિક તમિલનાડુ, કેરળ, લક્ષદ્વીપ, આંદમાન-નિકોબાર ટાપુ પર હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

ગઈકાલે હૈદરાબાદ શહેર અને કેટલાક અંતરિયાળ વિસ્તારોમાં વરસાદથી લોકોને ગરમીથી રાહત મળી હતી. સિકંદરાબાદ, ખૈરતાબાદ, બેગમપેટ, કુકટપલ્લી, અમીરપેટ અને કેટલાક અન્ય વિસ્તારોમાં ભારે વરસાદ થયો હતો. વરસાદને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી એ. રેવન્ત રેડ્ડીએ અધિકારીઓને સતર્ક રહેવાની સલાહ આપી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, તેલંગાણાના 15 જિલ્લાઓ અને કેટલાક સ્થળોએ ગાજવીજ અને વીજળી સાથે 40 થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની સંભાવના છે.

હવામાન વિભાગે આગામી દિવસોમાં કેરળમાં ભારે વરસાદ ચાલુ રહેવાની આગાહી કરી છે. છ જિલ્લાઓમાં આજે યલો એલર્ટ જાહેર કરાયું છે. પલક્કડ અને

મલપ્પુરમ જિલ્લામાં આવતીકાલ માટે ઑરેન્જ અલર્ટ જાહેર કરાયું છે. કેરળના માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે.

## UAE-BLUE RESIDENCY VISA

સંયુક્ત અરબ અમિરાતે એક વિશેષ શ્રેણીમાં નવા વીઝા કાર્યક્રમની જાહેરાત કરી છે, જે અંતર્ગત પર્યાવરણ સંરક્ષણ અને સ્થિરતાના પ્રયાસો કરનારા વિદેશી નાગરિકોને પ્રાધાન્ય આપવામાં આવશે.

દસ વર્ષિય બ્લૂ રેસિડેન્સી વીઝા કાર્યક્રમનો હેતુ પર્યાવરણ સંશોધન, સક્રીયતા અને તકનિકી સમાધાનમાં વૈશ્વિક નેતાઓને આકર્ષિત કરવાનો છે. આંતરરાષ્ટ્રીય પર્યાવરણ સંગઠનના સભ્યો, પુરસ્કાર વિજેતા, શોધકર્તા અને પ્રતિષ્ઠિત કાર્યકર્તાઓને પ્રાધાન્ય મળશે. બ્લૂ રેસીડેન્સી વીઝા સંયુક્ત અરબ અમિરાતના બે વર્ષિય રેસીડેન્સી પરમિટથી અલગ છે.

## IPL CRICKET

અને IPL ક્રિકેટમાં આજે મુંબઈ ઇન્ડિયન્સ અને લખનઉ સુપર જાયન્ટ્સ વચ્ચે, મુબંઈના વાનખેડે સ્ટેડિયમમાં મેચ રમાશે. સનરાઇઝર્સ હૈદરાબાદે પ્લે ઑફ માટે ક્વૉલિફાઈ કરી લીધું છે. આ પૂર્વે ગુજરાત ટાઇટન્સ સાથેની તેની મેચ વરસાદને કારણે રદ્દ રહી હતી. રૉયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે પ્લે ઑફમાં ચોથા અને અંતિમ સ્થાન માટે મેચ રમાશે.